**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૭૧ ટકા

# એકાએક ટામેટાના ભાવે તો સદી ફટકારી

## બજારમાં એક કિલો ટામેટાનો ભાવ ૧૦૦ રૂપિયા સુધી પહોંચી ગયો છે

### ટામેટાંના ભાવ કેમ વધ્યા?

વાસ્તવમાં એવા ઘણા કારણો છે, જેના કારણે ટામેટાંના ભાવમાં વધારો થયો છે. પહેલુ કારણ તાપમાનમાં વધારો છે. દેશના ઘણા રાજ્યોમાં છેલ્લા કેટલાક દિવસોથી ખૂબ જ ગરમી પડી રહી છે. બીજું કારણ એ છે કે, આ વખતે ટામેટાંનું ઉત્પાદન ખૂબ જ ઓછા પ્રમાણમાં થયું છે. ટામેટાં ઓછા અને માંગ વધારે છે. ત્રીજું અને સૌથી મોટું કારણ વરસાદનું મોડું આગમન છે. આવા કેટલાક કારણોસર ટામેટાના ભાવમાં અચાનક ઉછાળો જોવા મળી રહ્યો છે. ગયા મહિને જ ટામેટાં રૂ.૨૫ પ્રતિ કિલો સુધી વેચાઈ રહ્યા હતા. પરંતુ જૂન મહિનો આવતાં જ સ્થિતિ વણસી.



### ટામેટાની આવકમાં મોટો ઘટાડો થયો

ગાંધીનગર, તા.૨૭

હાલ ચોમાસાની શરૂઆત થઈ છે અને અચાનક જ ટામેટાના ભાવમાં વધારો થયો છે. વેપારીઓનું કહેવું છે કે કેટલાક દિવસોથી ટામેટાની આવકમાં મોટો ઘટાડો થયો છે. આવક ઘટતા હોલસેલમાં ટામેટા મોંઘા ભાવે વેચાઈ રહ્યા છે. દુકાનદારો માટે ટામેટાનો ભાવ ૭૦-૮૦ રૂપિયા છે તો તેની સીધી અસર છૂટક બજારમાં પણ જોવા મળી છે અને ભાવમાં વધારો થયો છે.

ગાંધીનગર, તા.૨૭

મોંઘવારી લોકોનો પીછો નથી છોડતી. એક ચીજનો ભાવ ઘટે તો તેની સામે બીજી ચાર ચીજવસ્તુના ભાવ વધી જતા હોય છે. છેલ્લા કેટલાક દિવસોમાં ટામેટાના ભાવમાં રોકેટની જેમ ઉછાળો આવ્યો છે અને હાલમાં શહેરમાં એક કિલો ટામેટાનો ભાવ ૧૦૦ રૂપિયા સુધી પહોંચી ગયો છે. અમુક દિવસોની અંદર જ ટામેટાનો ભાવ લગભગ ડબલ થઈ જતા ગૃહિણીઓ પરેશાન છે. માત્ર છૂટક બજાર જ નહીં, પરંતુ જથ્થાબંધ બજારમાં પણ ટામેટાનો ભાવ ૮૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયો છે. ટામેટા ઉપરાંત બટાટા, આદુ, મરચાં અને કોથમીરના ભાવમાં પણ ઉછાળો આવ્યો છે. હવામાનની બદલાયેલી સ્થિતિ અને વરસાદના કારણે ટામેટાના સપ્લાયને અસર થઈ છે અને ઘણો માલ બગડી ગયો છે. સપ્તાહની અંદર જ ટામેટામાં લાલચોળ ભાવ વધારો થયો છે. બજારમાં ટામેટાંના ભાવ ૨૪ જૂનના રોજ ૨૦ રૂપિયા પ્રતિ કિલોથી વધીને ૨૫ જૂને ૪૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયા હતા.સામાન્ય માણસના ખિસ્સા પર ફરી એકવાર બોજ વધ્યો છે. ટામેટાએ ભલભલા લોકોનું બજેટ ખોરવી નાખ્યુ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ટામેટાના વધેલા ભાવે લોકોને ચિંતામાં મૂકી દીધા છે. હવે ચિંતા પણ કેમ ન થાય? ટામેટા એક એવું શાક છે, જેના વિના દરેક વાનગી અધૂરી લાગે છે. દરેક વાનગીનું ગૌરવ વધારતા ટામેટા જો આ રીતે આકાશને સ્પર્શે તો સામાન્ય માણસના પેટમાં તેલ નીકળે તે નિશ્ચિત છે.

## જન્મદિને વધામણી



પિનાકીન વ્યાસ
સંગીતજ્ઞ, કલાગુરુ
મો. ૯૮૭૯૭ ૪૧૯૯૪



ડૉ. હિમાંશુ પટેલ
મહામંત્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ
પૂર્વ ચેરમેન, ગાંધીનગર
નાગરિક સહકારી બેન્ક
મો. ૯૮૨૫૦ ૨૭૭૨૧




ડો. હર્ષદ બ્રહ્મભટ્ટ



ધ્રુવ પટેલ
મો. ૮૧૫૪૯ ૧૩૦૩૫




શૈલેષ ચંપકલાલ મુન્શી
મો.૯૯૨૫૨ ૩૦૪૦૪



જીતેન્દ્ર ત્રિવેદી

## શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજનું ગૌરવ





ગાંધીનગર, તા. ૨૭

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં એપ્રિલ-૨૦૨૩માં લેવાયેલ ગુજરાત યુનિવર્સિટી, બી.એ. સેમ.૪ પરીક્ષામાં અંગ્રેજી વિષયની કુ. સંધ્યા પી. પટેલ યુનિવર્સિટીમાં ૨૧મો રેન્ક અને હોમ સાયન્સ વિષયની કુ. જીનલ જી. પટેલ ૩૧મો રેન્ક મેળવી કોલેજને ગૌરવ અપાવેલ છે. આ બન્ને વિદ્યાર્થીનીઓને શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગરના પ્રમુખ હરિભાઈ વી. ચૌધરી તથા મંડળના તમામ હોદ્દેદારો અને સભ્યો, કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરી તથા કોલેજના સમગ્ર સ્ટાફ પરિવારે કોલેજનું ગૌરવ વધારવા બદલ અભિનંદન પાઠવે છે.

## 'મેરા બુથ, સબસે મજબૂત': પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો ભોપાલથી દેશના દસ લાખ બૂથના કાર્યકર્તાઓ સાથે સંવાદ







ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે તા.૨૭ જૂન ૨૦૨૩, મંગળવારે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ 'મેરા બુથ, સબસે મજબૂત' અભિયાન અંતર્ગત ભોપાલ ખાતેથી દેશના દસ લાખ બૂથના કાર્યકર્તાઓ સાથે સંવાદ કર્યો હતો. આ કાર્યક્રમ અન્વયે શહેર ભાજપ દ્વારા કાર્યકર્તાઓ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું સંબોધન નિહાળી શકે તેવું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય રીટાબેન પટેલના જનસંપર્ક કાર્યાલય ખાતે આયોજિત કાર્યક્રમમાં મહાનગરના પ્રભારી મંત્રી ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને શહેર ભાજપ પ્રમુખ ૠચિર ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતાં. શહેર ભાજપ કાર્યાલય શ્રી કમલમ, સે.૨૧ ખાતે આયોજિત કાર્યક્રમમાં રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી શ્રી મુળુભાઈ બેરા, શ્રીમતી ભાનુબેન બાબરીયા, વોર્ડ નં.૩ ખાતે પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ, વોર્ડ ૧૦ ખાતે મંત્રીશ્રી કુંવરજી બાવળિયા, યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ ડો. પ્રશાંત કોરાટ, વોર્ડ નં.૭ માં પ્રેમલસિંહ ગોલ ઉપસ્થિત રહ્યા હતાં. ઉપરાંત શહેરમાં વિવિધ સ્થાનોએ આયોજિત કાર્યક્રમમાં પક્ષના અગ્રણીઓ, સંગઠનના હોદ્દેદારો, બુથ પ્રમુખો, અલ્પકાલીન વિસ્તારકો, કાર્યકર્તાઓએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું પ્રેરક ઉદબોધન સાંભળ્યું હતું.

## સરગાસણ ટીપી-૭ના સર્વિસ રોડ પરના દબાણો દુર કરીને રસ્તો ખુલ્લો કરાયો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર પાલિકાની ટીમ દ્વારા સરગાસણની ૦૭ ખાતે દબાણ હટાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ વિસ્તારના સર્વિસ રોડ પર થયેલા દબાણોને દુર કરીને રસ્તાઓ ખુલ્લા કરવામાં આવ્યા હતા. સર્વિસ રોડ પર ગેરકાયદેસર રીતે કરવામાં આવેલા દબાણો દૂર કરી આશ્કા હોસ્પીટલની સામે આવેલા કાંસથી રુદ્રભૂમિ સરગાસણ સ્મશાન સુધીનો રોડ ખુલ્લો કરવામાં આવ્યો હતો..આ વિસ્તારમાં આવેલા ડી-માર્ટ, પેન્ટાલૂન્સ, ઝુડિયો તેમજ અન્ય શોપિંગ સેન્ટર પાસે આવાગમન કરતા નાગરિકોને અગવડતા ઊભી ન થાય અને સંભવિત અકસ્માતોને નિવારી શકાય તે માટે દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી હતી.

## કલંક અને ભેદભાવ બંધ કરો, વ્યસન નિવારણને મજબૂત કરો



ગાંધીનગર, તા.૨૭

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના નેતૃત્વ હેઠળ સ્વૈચ્છિક અને માનદ સેવાઓ આપતા પારા લીગલ વોલ્યુન્ટીયરસ અનિલ કક્કડ અને પ્રવિણ બરોલિયાના સંયુકત પ્રયાસો થકી લોકોને માદક ઔષધોના સામાજિક આર્થિક દૂષણ, શરીર પરની હાનીકારક અસરોથી અને તેના ગેરકાયદેસર કારોબારથી સાવચેત કરવાના ઉદ્દેશથી તારીખ ૨૬ જુનના દિવસ ના રોજ ગાંધીનગર ખાતે સેક્ટર -૨૪ ના અર્ધ શિક્ષિત અને પછાત ગણાતા છાપરા વિસ્તાર મા એક જાહેર કાર્યક્રમ યોજવામા આવ્યો હતો. આ કાર્યક્રમમા મુખ્ય પ્રવક્તા શ્રી અનિલ કક્કડએ સૌ પ્રથમ માદક ઔષધો ની યાદી અલગ તારવી બાળકોને તેના નામોથી માહિતગાર કર્યા હતા અને આ કારોબરમા નાની ઉમરના કિશોરો ને લાવવા માટે ગુન્હાહિત તત્વો દ્વારા થતા પ્રયાસોથી અવગત કરાવી સાવચેત રહેવા સમજાવ્યા હતા. માદક ઔષધોના વ્યસનોની આડ અસરોને શ્રી કક્કડએ ખુબ જ ગંભીર ગણાવી તેના થી થતા ફેફસા, લીવર, હાર્ટરોગ, કેન્સર જેવા જીવલેણ રોગોથી બચવા વ્યસનોનો જીવન ભર દુર રહેવા અપીલ કરી હતી. સને ૨૦૨૩ ના વર્ષ માટે આ મુદા ઉપર સંયુક્ત રાષ્ટ્ર એ આપેલ સુત્ર " લોકો પહેલા: કલંક અને ભેદભાવ બંધ કરો, નિવારણને મજબૂત કરો"ને પણ ધ્યાન ઉપર રાખવા શ્રી કક્કડએ સર્વે ને જણાવ્યુ હતુ.

## સમર્પણ સાયંસ અને કોમર્સ કોલેજમાં મોટિવેશન વકતવ્ય



ગાંધીનગર, તા.૨૭

૨૭મી ગાંધિનગર ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ સાયંસ અને કોમર્સ કોલેજમા બીએસસી અને બીકોમના વિદ્યાર્થીઓ માટે "ગુણ અને નૈતિક મૂલ્ય" પર પ્રેરક વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. ડો. રાજી ડેનિસે, આચાર્ય, સ્વાગત પ્રવચન આપ્યું હતું. ડૉ. કન્હૈયાલાલ નાયક પ્રોફેસર ડીન, સમાજશાસ્ત્ર વિભાગ ગુજરાત વિદ્યાપીઠને નિષ્ણાત તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેમણે ઐતિહાસિક માહિતી વિશે વાત કરી હતી અને વિદ્યાર્થીઓને ઈતિહાસ વાંચવા માટે પ્રેરિત કર્યા હતા.

કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં સકારાત્મક માનસિકતા અને ઈચ્છાશક્તિને જાગ્રુત કરવનો હતો. વિદ્યાર્થીઓને અભિવ્યક્તિની શક્તિ સમજવાની પણ સલાહ આપવામાં આવી હતી. ઓપન હાઉસ સત્ર દરમિયાન વિદ્યાર્થીઓએ ઈતિહાસ અને આધુનિક શિક્ષણ પ્રણાલી વિશે કેટલાક પ્રાસંગિક પ્રશ્નો ઉઠાવ્યા હતા જ્યાં તેમને જાણીતા વક્તા તરફથી સંતોષકારક જવાબો મળ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. રસિક તન્ના તથા પ્રૉ. અમિત વૈષ્ણવ તથા સફળતાપૂર્વક સંચાલન પ્રો ભાલચંદ્ પરમારે કર્યુ હતું.

આ પ્રોગ્રામનું આયોજન તથા સંચાલન કરવા બદલ ટ્રસ્ટી શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, પ્રિન્સિપાલ ડો. રાજી ડેનિસ તથા રજીસ્ટ્રાર ડો. એમ. ડી. પાંડે સર્વને અભિનંદન પાઠવ્યા હતા.


## સ્વામિનારાયણ યુનિવર્સિટી ખાતે ડ્રગ વિરોધી દિવસની ઉજવણી કરાઈ



ગાંધીનગર તા.૨૭

આજરોજ સ્વામિનારાયણ યુનિવર્સિટી ખાતે 'ઈન્ટરનેશનલ ડે અગેન્સ્ટ ડ્રગ એબ્યુઝ એન્ડ ઈલિસિટ ટ્રાફિકિંગ' ના ભાગરૂપે તારીખ ૨૬ જુન ૨૦૨૩ ના રોજ વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું .આ કાર્યક્રમ સ્વામિનારાયણ યુનિવર્સિટી અને શિલ્પ ફાઉન્ડેશન ના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં સંસ્થાના રજીસ્ટ્રાર શ્રી ડો. અજીત ગંગવાની, ડો.ટ્વિંકલ પટેલ કે જેઓ સમાજ સેવિકા હોવાની સાથે સાથે આરોગ્ય ની બાબતોના નિષ્ણાત છે તેમજ પોતે મધર હૂડ ફાઉન્ડેશનના મેનેજિંગ ડિરેક્ટર છે. ત્યારબાદ અતિથિમાં શ્રીમતી ચિલ્કા જૈન કે જેઓ ડાયરેકટર પિના સ્પોર્ટ્સ અમદાવાદ છે તેમજ ડો.આકાશ ગોહિલ, ડાયરેક્ટર સ્પોર્ટ્સ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ,શ્રીમતી હેતલ બ્રહ્મભટ્ટ કે જેઓ સ્નેશીલ ફાઉન્ડેશનના ડાયરેક્ટર છે તથા દર્શિત દેસાઈ કે જેઓ સ્નેહ શીપ ફાઉન્ડેશન ના પ્રેસિડેન્ટ છે તથા ડો. વિજયકુમાર ગઢવી,ડેપ્યુટી રજીસ્ટ્રાર, સ્વામિનારાયણ યુનિવર્સિટી તેમજ દરેક સંસ્થાના સ્ટાફ અને વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. કાર્યક્રમના અંતે ડો.વિજયકુમાર ગઢવી દ્વારા આભારવિધિ કરી સર્વે ઉપસ્થિત મહાનુભાવોને આભાર વિધિ કરી હતી.

## સર્વોદય છાત્રાલય દ્વારા યુપીએસસી ઉત્તીર્ણ તારલાઓનું સન્માન કરાયું



ગાંધીનગર, તા.૨૭

સર્વોદય છાત્રાલય કમિટી, માણસા તથા છ ૩ ક્લબના સંયુક્ત ઉપક્રમે તા-૨૫/૬/૨૦૨૩ , રવિવારના રોજ યુપીએસસી માં સફળતા મેળવનાર તેજસ્વી તારલાઓના સન્માન સમારોહ નગરપાલિકા હોલ, ગાંધીનગર ખાતે યોજાયો હતો. જેમાં બુદ્ધ વંદના દ્વારા કાર્યક્રમની શરૂઆત કરી, મૌસમ મહેતા, ડૉ.નયન સોલંકી અને પ્રણવ આગજા આ ત્રણ યુવાનોએ યુપીએસસી પરીક્ષામાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી હોવાથી બુદ્ધ પ્રતિમા તથા પુસ્તક ભેટ સ્વરૂપે આપી ત્રણેય તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સમારંભના અધ્યક્ષ તરીકે ૧૯૮૨ બેચના આઈએએસ અરુણકુમાર સુતરિયા એ ઉપસ્થિત રહીને યુપીએસસી પરીક્ષાની તૈયારી કરતા યુવાઓને માર્ગદર્શન આપ્યું હતું. સર્વોદય છાત્રાલય ના પ્રમુખ રાજેન્દ્ર દેસાઈ તથા છ ૩ ક્લબના પ્રમુખ ડૉ.શિલ્પાબેન અમીન... બન્નેએ પોતપોતાની સંસ્થાઓનો પરિચય આપી, સફળતા મેળવનાર યુવાઓને શુભેચ્છાઓ પાઠવી હતી. સન્માન પ્રાપ્ત મૌસમ મહેતા તથા ડૉ.નયન સોલંકી એ પરીક્ષામાં સફળતા મેળવવા યોગ્ય દિશામાં મહેનત પર ભાર મૂકવા શ્રોતાઓને જણાવ્યું હતું., પ્રશ્નોત્તરી દ્વારા પણ પરીક્ષાની તૈયારી કરતા યુવાનોને વિવિધ માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમના અંતે પ્રવિણભાઈ સુતરિયા એ આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એ ૩ ક્લબના પ્રતિનિધિ વિજયકુમાર તથા હસમુખભાઈ એ કર્યું હતું.

## જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલયમાં શાળા પંચાયતની ચૂંટણી યોજાઈ



ગાંધીનગર, તા. ૨૭

શ્રી જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલયમાં શાળા પંચાયતની ચૂંટણી યોજાઈ હતી. જેમાં પ્રમુખ, ઉપપ્રમુખ, શિસ્તમંત્રી, સફાઈમંત્રી, મનોરંજનમંત્રી, પુસ્તકાલયમંત્રી, લાઈનમંત્રીની ચૂંટણી થઈ હતી. જેમાં ધો. ૬ થી ૮ ના મંત્રીઓએ વોટ આપ્યા હતા અને શાળાના પ્રમુખ તરીકે પ્રજાપતિ સચિન કમલેશકુમાર અને ભટ્ટ વૃષ્ટિ દિપકકુમાર ચૂંટાયા હતા.

સર્વ ચૂંટાયેલ મંત્રીને આચાર્યબેને અભિનંદન પાઠવ્યા છે અને વૉટ આપનાર મંત્રીઓનો આભાર માન્યો હતો. આ સમગ્ર આયોજન ચૌ. ભાવનાબેન અને ચૌ. હંસાબેને કર્યુ હતુ.

## પેથાપુર અચલેશ્વર મહાદેવનો ૯૬મો પાટોત્સવ ઉજવાયો



ગાંધીનગર, તા. ૨૭

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, પેથાપુર દ્વારા શ્રી અચલેશ્વર મહાદેવ મંદિરનો ૯૬મો પાટોત્સવ ધામધૂમથી ઉજવણી કરાઈ હતી. જેમાં પેથાપુરમાં ભૂદેવો તથા ગ્રામજનોએ સવારે જપ યજ્ઞ અને ત્યારબાદ મંદિરના શિખરે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં ભૂદેવો તથા ગ્રામજનોનો ખૂબ મહત્વનો ફાળો રહ્યો હતો.